અપીલ અરજી નં.૩૨ તા.૧૯–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હિતેશ બી. અવસ્થી
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હિતેશ બી. અવસ્થીની તા.૨૩–૩–૧૧ની અરજીથી મોજે ગામ રૂંઢના તાલુકો ચોર્યાસી, જીલ્લો સુરત જેનો જુનો રે.સ. નં. ૩/૧ તથા ૫ નવો રે.સ. નં.૬૪/૧/અ તથા ૬૨/૨ થી નોંધાયેલ જેનું ક્ષેત્રફળ અનુક્રમે ૪૬૯૦૦ ચો.મી. તથા ૪૯૦૦ ચો.મી. વાળી જમીનમાં બાંધકામ કરવાની પરવાનગી જાવક નંબર : ૬૬/૭૪ થી તા.૯–૯–૧૯૭૪ ના રોજ આપવામાં આવેલી જેમાં સરપંચ શ્રી ઈશ્વરભાઈ રવજીભાઈ પટેલ સહી કરેલ છે. જે પરવાનગી મેળવવા રજુ કરેલા તમામ કાગળો સહીતની પરવાનગીની પ્રમાણિત નકલોની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૧૯–૪–૧૧ ની **SMC/FAP/** નં.૩૨/૨૦૧૧–૧૨

શ્રી હિતેશ બી. અવસ્થીની તા.૨૩–૩–૧૧ની અરજીથી મોજે ગામ રૂંઢના તાલુકો ચોર્યાસી, જીલ્લો સુરત જેનો જુનો રે.સ. નં. ૩/૧ તથા ૫ નવો રે.સ. નં.૬૪/૧/અ તથા ૬૨/૨ થી નોંધાયેલ જેનું ક્ષેત્રફળ અનુક્રમે ૪૬૯૦૦ ચો.મી. તથા ૪૯૦૦ ચો.મી. વાળી જમીનમાં બાંધકામ કરવાની પરવાનગી જાવક નંબર : ૬૬/૭૪ થી તા.૯–૯–૧૯૭૪ ના રોજ આપવામાં આવેલી જેમાં સરપંચશ્રી ઈશ્વરભાઈ રવજીભાઈ પટેલ સહી કરેલ છે. જે પરવાનગી મેળવવા રજુ કરેલા તમામ કાગળો સહીતની પરવાનગીની પ્રમાણિત નકલોની માહિતિ આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનના પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/૩૭ તા.૮–૪–૧૧ થી આપેલ માહિતી માંગ્યા મુજબ મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે દફતર ઉપલબ્ધ નહીં હોવા અંગે નાશ નિકાલની વિગત તેમજ અન્ય માળખાગત સુવિધા કક્ષાએ કોઈ માહિતિ હોય તો ચકાસી વિગત રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૮ તા.૨૭–૪–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં માંગેલ માહિતિ અરજીમાં નિર્દિષ્ટ વિગતે ૯–૯–૭૪ ની રજાચીઠ્ઠી અંગે આપની કક્ષાએ કોઈ આધાર વિગતો હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૧૩ તા.૩–૫–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધવિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૩૭ તા.૮–૪–૧૧ ના પત્રની નકલ તથા તે પોસ્ટ કર્યા અંગે એકનોલેજમેન્ટ સ્લીપની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી.

અરજદારની તા.૨૩–૩–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૩૭ તા.૮–૪–૧૧ થી સદર અરજીથી માંગવામાં આવેલી માહિતી અન્વયે અઠવાઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં માંગ્યા મુજબની માહિતી અઠવાઝોન ખાતે ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે માહિતી મળેલ ન હોવાનું જણાવી તા.૧૯–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરી માહિતી આપવાની રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ ઉપલબ્ધ હોવાની માહિતી પૂરી પાડેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૧–૭–૦૬ ના રોજ રૂંઢ ગામ પંચાયતનો ચાર્જ લેવામાં આવેલ જેમાં અરજદારની માંગણી મુજબની બાંધકામની પરવાનગી જાવક નં.૬૬/૭૪ તા.૯–૯–૭૪ નો રેકર્ડ ખાતામાં ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. આમ અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ છે તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો ચાર્જમાં લેવામાં આવેલ રેકર્ડની યાદીની ચકાસણી કરી ખરાઈ કરી શકે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે..

અરજદારની તા.૨૩–૩–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવ છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો રૂંઢ ગ્રામ પંચાયતના ચાર્જની યાદીનું ઈન્સ્પેકશન કરી જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરવા સ્વતંત્ર છે. જે અંગે જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી લાગુ કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ તપાસણી ફી ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી તેવી માંગણી થયેથી હુકમની અમલવારી કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)<br>
ડે.કમિશ્નર (સ્પે.)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૬–૧૧

પ્રતિ,<br>
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ....જાણ તથા અમલ માટે .<br>
(૨) શ્રી હિતેશ બી. અવસ્થી,